।। जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।

જન્મભૂમિ

Mumbai

24th August 2012




શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધર્મપુર દ્વારા અમેરિકામાં પર્યુષણ પર્વ નિમિત્તે મુમુક્ષુઓએ અઠ્ઠાઈ, ઉપવાસ, એકાસણા તથા બેસણા જેવી વિવિધ તપસ્યાઓ કરી હતી

# અમેરિકામાં પર્યુષણ પર્વની ઉજવણી કરાઈ

**મુંબઈ :** શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધર્મપુર દ્વારા અમેરિકામાં પર્યુષણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગુરુદેવ રાકેશભાઈના સાંનિધ્યમાં આઠસો લોકોએ આઠ દિવસ પર્યુષણ પર્વની ઉજવણી કરી હતી. અમેરિકામાં આઠ દિવસ ઘરને તાળાં, આઠ દિવસ સંઘ સાથે આરાધના કરવામાં આવી હતી. પર્યુષણ દરમિયાન રાજ પરિવાર તરફથી વૈરાગ્ય પ્રેરક 'ધન્ના શાલિભદ્ર'ની કથા પર આધારિત નાટ્યપ્રયોગ રજૂ કરાયો હતો. પર્યુષણ દરમિયાન ગુરુદેવો, ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજ વિરચિત શાંત સુધારસ ગ્રંથના માધ્યમથી મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થતા ભાવનાઓના બોધ દ્વારા મુમુક્ષુઓને સાધના સાથે બ્રાહ્યજગત સાથેના પ્રેમપૂર્ણ વ્યવહારના સમન્વયનો સંદેશ આપ્યો હતો. ઉપાધ્યાયજી મહારાજે વૈરાગ્ય અને તત્વનો ઉપદેશ આપ્યો હતો. ગુરુદેવની નિશ્રામાં મુંબઈમાં પર્યુષણ પર્વની ઉજવણી બારમીથી ૧૯મી સપ્ટેમ્બર દરમિયાન યોગી સભાગૃહ, દાદર (પૂર્વ)માં કરવામાં આવશે.